।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com


**૭ જાન્યુઆરી ૨૦૨૪ – મહિલા મંડળ શ્રેણી – ૨૩ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

---

(૨૦)

**પ્ર. ૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સંથારો ક્યારે કરવામાં આવે છે?

૨. દશમું વ્રત સંક્ષેપમાં કેવી રીતે કરાય? માત્ર નામ લખો.

૩. શ્રાવક ત્રસ જીવની હિંસાનો ત્યાગ કેમ કરે છે?

૪. રાયહાણી, પુરપાટણ, ખેડ અને કૌટુંબિય એટલે શું?

૫. **કયા પાઠમાં આવે છે?** જાડી, ફોડી, છોડી, મંડી

**(આ) આવશ્યક સૂત્ર પ્રમાણે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. સમય શબ્દ કોના માટે વપરાય છે?

૨. અધિકારીની અપેક્ષાએ સામાયિકના પ્રકાર લખો.

૩. સામાયિક શેનો સેતુ છે?

૪. પ્રત્યાખ્યાન આવશ્યકની ઝાંખી શેમાં થાય છે?

૫. વંદના કરવાથી શેની પ્રાપ્તિ થાય છે?

૬. બીજા આવશ્યકની આરાધનાથી શું થાય છે?

૭. સાધક સાધના માર્ગે પુરુષાર્થ કેવી રીતે કરે છે?

૮. સામાયિક કરવાથી શેનો વિકાસ થાય છે?

૯. શ્રુતજ્ઞાન શા માટે જરૂરી છે?

૧૦. સામાયિક શેનું સાધન છે?

(૨૦)

**પ્ર. ૨ (અ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. જાગૃત રહેવાનું આઠમું સ્થાન લખો.

૨. અર્થ લખો – પ્રાગ્ભાર ગતિ, ગતિ બંધન પરિણામ

૩. સાધકે નિરોગી રહેવા શું કરવું જોઈએ?

૪. શરીર સંપદા અને વાચના સંપદા એટલે શું? તેનું વર્ણન કયા સૂત્રમાં છે?

૫. અરૂપી અસ્તિકાયના મધ્યપ્રદેશ ક્યાં છે?

**(આ) સૂયગડાંગ સૂત્રના આધારે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. નવમા અધ્યયનનું નામ શું છે? તેના ભેદ લખો. ૨. અશરણભૂત શું છે?

૩. સાધક ભવભ્રમણ કેવી રીતે ઘટાડે છે?
૪. આધ્યાત્મિક વીર્ય કોને કહે છે?
૫. સાધુ બીજા મહાવ્રતનું પાલન કરવા કેવી ભાષા બોલે?
૬. કર્મબંધનું મુખ્ય કારણ શું છે?
૭. આત્મધર્મમાં સ્થિર રહેવા માટે શેનું વર્ણન કર્યું છે?
૮. સાધુ ગૃહસ્થની પ્રશંસા કેમ કરે છે?
૯. પોતાના ભવિષ્યને અંધકારમય કોણ બનાવે છે?
૧૦. સુશીલ શેની સાધના કરે છે?

(૨૦)

**પ્ર. ૩ (અ) ઉપાસક દશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. આનંદ શ્રાવકે કેટલા વ્રત લીધા હતા? તેનાથી શેની જાણકારી મળે છે?
૨. આ અધ્યયનમાં શ્રમણ અને શ્રમણોપાસક વચ્ચે શું ફરક બતાવ્યો છે?
૩. સાલિહીપિતા અને કુંડકૌલિક શ્રાવકની નગરી, ઉધાનના નામ અને ઉપસર્ગ કોનો આવ્યો? ચલિત થયા કે નહિ? ક્યાં ઉત્પન્ન થયા?
૪. સકડાલપુત્ર શ્રાવક અને ચુલનીપિતા શ્રાવકના જીવનમાં શું વિશિષ્ટ ઘટના બની હતી?
૫. સુરાદેવ અને મહાશતક શ્રાવક પાસે કેટલી સંપત્તિ અને કેટલું ગોધન હતું? તેમની પત્નીના નામ શું હતા?

**(આ) સુખ વિપાક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. વર્તમાને જે મોક્ષમાં છે તે અધ્યયનના નામ લખી પત્ની–પૂર્વભવ–આહારદાન કોને આપ્યું? (૬)
૨. પંદર ભવે મોક્ષે જવાના છે તે અધ્યયનના નામ લખી નગરી–માતા–પિતાના નામ લખો. (૪)

(૨૦)

**પ્ર. ૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૫)**

૧. એહિ ....... ચરિસ્સામો ॥ ૨. વાસુદેવો ....... દમીસરા ॥ ૩. મણગુત્તો ....... દઢવ્વઓ ॥
૪. જઈ ....... ભવિસ્સઈ ॥ ૫. મત્તં ....... જહા ॥

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. ભગવાને કેટલા પુરુષ સાથે ક્યારે દીક્ષા લીધી?
૨. રાજેમતીના શરીરની પ્રભા કેવી હતી?
૩. નેમિકુમારે સારથીને શું આપ્યું?
૪. રહનેમિનું ચિત્ત અને શેનાથી પરાજિત થયા?
૫. કૃષ્ણ વાસુદેવે રાજેમતિને શું કહ્યું?

(૨૦)

**પ્ર. ૫ ભગવતી સૂત્રના આધારે.... (૧૦)**

**(અ) (૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. નરદેવનું જઘન્ય અંતર કેટલું છે? શા માટે?
૨. ભાવ દેવમાં વૈક્રિયરૂપ કોણ ન કરે? ભાવ દેવની અવગાહના, સંચિટ્ઠણા અને ચવણ સમજણ સાથે લખો.
૩. દેવાધિદેવના પહેલા ચાર ગુણના માત્ર નામ લખો અને ૫ પરથી આવતી નિધિ લખો.

**(૨) માત્ર સંખ્યા લખો. (૪)**

૧) મહામંત્રી ૨) ધર્મદેવના ગુણ ૩) દ્વીપ
૪) ભવિય દ્રવ્ય દેવની આગત ૫) ધાતકીખંડમાં દેવાધિદેવ ૬) દેવાધિદેવના ૧૮ દોષમાં કેટલા પાપસ્થાનક
૭) દેવાધિદેવનું જ. અંતર ૮) નર દેવની ઉત્કૃષ્ટ સ્થિતિ

**(આ) માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.) (૧૦)**

૧. તિર્ચ્છાલોક કૃષ્ણલેશી સમ્યગ્દૃષ્ટિમાં ૨. તિર્ચ્છાલોક કૃષ્ણલેશી નોગર્ભજમાં ૩. તિર્ચ્છાલોક વચનયોગીમાં
૪. તિર્ચ્છાલોક નોગર્ભજ કૃષ્ણલેશી ત્રસમાં ૫. તિર્ચ્છાલોક સમુચ્ચય નપુંસક વેદમાં

**જય જિનેન્દ્ર**

❋ **Please conatact DSB helpline no. for online shreni study classes. 9702277914**
**THE NEXT CLASS STARTS ON FEBRUARY 5TH/6TH MONDAY AND TUESDAY**
❋ **Please join our Telegram group. Contact DSB helpline no. 9702277914**